# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01/06/2026** **Morning : 7.10 to 7.20**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **રાજ્યભરમાં સંપૂર્ણ ડીજીટલ માધ્યમ સાથે આજથી વસ્તી ગણતરીના પહેલા તબક્કાનો આરંભ.**
2. **ગીરમાં સરકાર દ્વારા કરાયેલી અસરકારક કામગીરી બાદ સ્વસ્થ થયેલા સિંહોને વનમાં છોડાશે.**
3. **રમકડાંના દાનના અભિયાનમાં વધુને વધુ લોકોને જોડાવા મુખ્યમંત્રીનો અનુરોધ.**
4. **ગુજરાત યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખામાં 64 હજાર બેઠકો માટે આજે પ્રવેશ ફાળવાશે.**
5. **દેવભૂમિ દ્વારકામાં ખેતી માટેની નકલી દવાઓ સાથે બેની ધરપકડ.**
6. **અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી IPLની ફાઇનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુનો વિજય.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CENSUS-2027

રાજ્યભરમાં આજથી વસ્તી ગણતરી-૨૦૨૭'નો પ્રથમ તબક્કો શરૂ થશે. આ શ્રેણીની ૧૬મી અને આઝાદી પછીની ૮મી જનગણના હશે, જે સંપૂર્ણ પણે ડિજિટલ માધ્યમથી હાથ ધરવામાં આવશે. આ અગાઉ વર્ષ ૨૦૧૧માં જનગણના કરવામાં આવી હતી.

આ અંગે સાંભળીએ એક અહેવાલ..

## VOICE CAST: MAYUR SOLANKI

*(વસ્તી ગણતરી નિયામક સુજલ મયાત્રાના જણાવ્યા અનુસાર 30 જૂન સુધી ઘર-યાદી અને મકાનોની ગણતરી હાથ ધરાશે. આ તબક્કામાં ગણતરીદારો દ્વારા આવાસની સ્થિતિ, કુટુંબની વિગતો, પીવાના પાણીનો સ્ત્રોત, શૌચાલયની સુવિધા અને અન્ય મિલકતો સહિત કુલ 33 પ્રશ્નો પૂછવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં ૯ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન વસ્તીની ગણતરી અને જાતિ ગણતરી હાથ ધરાશે. આ વસ્તી ગણતરીમાં ૧,૧૦,૫૯૮ હાઉસ લિસ્ટિંગ બ્લોક્સ, ૧,૦૯,૦૩૮ ગણતરીદારો તેમજ ૧૮,૨૫૪ સુપરવાઇઝરનો સમાવેશ થાય છે. આ અભિયાનને સફળ બનાવવા માટે ગણતરીદારો, સુપરવાઇઝર અને અન્ય વસ્તી ગણના અધિકારીઓને ત્રણ તબક્કામાં તાલીમ પણ અપાઈ છે.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# NO LION DEATHS MORE

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું કે, અગાઉ ગીર અભયારણ્યની બહાર સિંહોના મૃત્યુના અહેવાલો આવ્યા હતા. ત્યારબાદ વન વિભાગ અને પશુચિકિત્સકોએ સાથે મળીને અસરકારક કામ કર્યું અને પરિણામલક્ષી

પગલાં લીધાં. છેલ્લા ત્રણ દિવસમાં એક પણ સિંહનું મૃત્યુ થયું નથી. 500થી વધુ સિંહોની યોગ્ય સારવાર કરવામાં આવી છે.

ચેપગ્રસ્ત સિંહોને અલગ રાખવામાં આવ્યા છે અને સારવાર આપવામાં આવી રહી છે. સારવાર હેઠળના તમામ સિંહો હવે સ્વસ્થ છે અને 2 દિવસમાં તેમને ફરી પાછા તેમના સ્થાને મુક્ત કરાશે

**BYTE- ARJUN MODHWADIA, MINISTER OF FORESTS AND ENVIRONMENT**

## CM TOYS CAMPGAIN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ઘાટલોડીયા વિધાનસભા મતવિસ્તારમાં બોપલ-ઘુમા સ્થિત આરોહી ટ્વીન્સ બંગલો ખાતે "રમશે બાળક, ખીલશે બાળક" અભિયાન અંતર્ગત મેગા રમકડાં કલેક્શન કાર્યક્રમ યોજાયો હતો. આ અભિયાન સમાજના વિવિધ વર્ગોને એક માનવીય કાર્ય સાથે જોડે છે. પોતાના બાળકોના રમકડાં અન્ય બાળકો સાથે વહેંચવાની ભાવના સામાજિક ભાવના અને માનવતાના મૂલ્યોને તથા પરિવાર ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

**BYTE: BHUPENDRA PATEL**

મુખ્યમંત્રીએ નાગરિકોને આ અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાવા અને વધુને વધુ રમકડાં દાન કરીને જરૂરિયાતમંદ બાળકોના ચહેરા પર સ્મિત લાવવાના આ યજ્ઞમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

# GUJ UNI ADMISSION

ગુજરાત યુનિવર્સિટીની અન્ડર ગ્રેજ્યુએટ માટેની 64 હજાર બેઠકો માટે આજે પ્રવેશ ફાળવવામાં આવશે. રાજ્યની 15 સરકારી યુનિવર્સિટી અને પ્રથમ વખત જીકાસ પોર્ટલ પર જોડાયેલી 19 જેટલી ખાનગી યુનિવર્સિટીઓમાં આજે 64 હજાર બેઠકો માટે પ્રવેશ જાહેર કરાશે.

અત્યાર સુધીમાં બે લાખ 88 હજાર વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે નોંધણી કરાવી છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા બીએ, બીકોમ,બીએસએસી, બીબીએના અભ્યાસક્રમોમાં પ્રવેશ ફાળવવામાં આવશે.

# DUPLICATE PASETICIDES

દેવભૂમિ દ્વારકામાં નકલી અને એક્સપાયરી દવાઓના કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું છે. SOG અને ખેતીવાડી વિભાગની સંયુક્ત કાર્યવાહીમાં 5.26 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામા આવ્યો છે.

ખેડૂતો સાથે છેતરપિંડીના કેસમાં રાવલ ગામે આવેલા એક કૃષિ કેન્દ્ર અને ગોડાઉન પર દરોડા પાડવામાં આવ્યાં છે. આ કેસમાં કેન્દ્રના બે સંચાલકોની ધરપકડ કરવામા આવી છે.

ઝડપાયેલી દવાઓ ઉપર સ્ટીકર ન હતા અને કેટલીક દવાઓની એક્સપાઇરી ડેટ વાળી હતી. તપાસ દરમિયાન NPK ખાતરની 135 બોરીમાં સ્ટોક અને બિલની ગંભીર વિસંગતતા સામે આવી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

## IPL

IPL ક્રિકેટમાં, ગઇકાલે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઇનલ મેચમાં ગુજરાત ટાઇટન્સને પાંચ વિકેટથી હરાવીને IPL ટાઇટલ સફળતાપૂર્વક જાળવી રાખ્યું.

અગાઉ પહેલા બેટિંગ કરતાં ગુજરાત ટાઇટન્સે વોશિંગ્ટન સુંદરના ૩૭ બોલમાં અણનમ ૫૦ રનની મદદથી નિર્ધારિત ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૫ રન બનાવ્યા. બેંગ્લુરુ તરફથી રસિક સલામ દારે 3, જ્યારે ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવુડે બે-બે વિકેટ ઝડપી હતી.

જવાબમાં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ વિરાટ કોહલીના ૪૨ બોલમાં અણનમ ૭૫ રનની મદદથી ૧૮ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૧ રન બનાવીને લક્ષ્યને

સરળતાથી પ્રાપ્ત કર્યું. ગુજરાત ટાઇટન્સ તરફથી રાશિદ ખાને બે વિકેટ ઝડપી હતી. વિરાટ કોહલીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

વૈભવ સૂર્યવંશીને સિઝનના મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સીઝન જાહેર કરવામાં આવ્યા, તેમણે ૭૭૬ રન સાથે ઓરેન્જ કેપ પણ જીતી, કાગીસો રબાડાએ સિઝનમાં 29 વિકેટ સાથે પર્પલ કેપ જીતી.

## WORLD MILK DAY

દર વર્ષે ૧લી જૂનને સમગ્ર વિશ્વમાં "વિશ્વ દૂધ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વૈશ્વિક ખોરાક તરીકે દૂધના મહત્વને ઉજાગર કરવાનો અને ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે.

આજે દૂધ માત્ર એક પૌષ્ટિક આહાર નથી રહ્યું, પરંતુ પશુપાલન સાથે જોડાયેલા કરોડો પરિવારોની આજીવિકાનો મજબૂત આધાર સ્તંભ બન્યું છે. ગુજરાત આજે વાર્ષિક ૧૯ મિલિયન ટનથી વધુ દૂધ ઉત્પાદન સાથે ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ૭.૭૮ ટકા જેટલો મહત્વનો ફાળો આપી રહ્યું છે. છેલ્લા બે દાયકાની વાત કરીએ તો, રાજ્યના દૂધ ઉત્પાદનમાં ૧૨.૫ મિલિયન ટનનો રેકોર્ડબ્રેક વધારો થયો છે, જેના પરિણામે ગુજરાત આજે દેશમાં ચોથા ક્રમે પહોંચ્યું છે.

આ સમયગાળા દરમિયાન વાર્ષિક સરેરાશ વિકાસ દર પણ ૯.૩૦ ટકા રહ્યો છે. ગુજરાત માટે સૌથી ગૌરવની વાત તો એ છે કે, રાજ્યમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા છેલ્લા એક દાયકામાં ૪૮ ટકા વધીને આજે ૭૩૦ ગ્રામ પ્રતિદિન થઈ છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૪૮૫ ગ્રામ પ્રતિદિન કરતાં ઘણી વધારે છે.

ભારત વર્ષ ૧૯૯૮થી દૂધ ઉત્પાદન અને ડેરી વિકાસ ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં સર્વપ્રથમ રહ્યું છે. આજે દેશ વાર્ષિક ૨૪૭ મિલિયન ટન જેટલા દૂધ ઉત્પાદન સાથે વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં ૨૫ ટકા જેટલો સિંહફાળો ધરાવે છે.

## VALSAD HAPPY BIRTHDAY

પહેલી જૂન **1964**ના દિવસે વલસાડ જીલ્લાની સ્થાપના થતાં આજે વલસાડ તેનો રચના દિવસ ઉજવી રહ્યો છે. અખૂટ નૈસર્ગિક સૌદર્ય અને પ્રવાસનના એક મહત્વના સ્થળ તરીકે વલસાડ જીલ્લો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે.

બળદ ગાડાની સફર માણી ચૂકીને હવે બૂલેટ ટ્રેન સુધીની સફર વલસાડ જીલ્લો માણશે. ત્યારે વલસાડ જીલ્લાના નાગરિકોને આજના રચના દિવસના અભિનંદન.

## WEATHER

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ટ્રફ અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને કારણે ગુજરાતમાં આગામી **7** દિવસ સુધી વરસાદી માહોલ રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ, અમદાવાદમાં આજે દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થયા બાદ સાંજ અને રાત્રિના સમયે હળવાથી મધ્યમ વરસાદ વરસવાની શક્યતા છે, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી શકે છે.

રાજ્યમાં આગામી **3** દિવસ દરમિયાન અનેક વિસ્તારોમાં પવનની ગતિ **50** થી **60** કિલોમીટર પ્રતિ કલાક સુધી રહેવાની હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ આગાહી કરી હતી.

**BYTE: PRADEEP SHARMA, IMD**

## RAIN

ભારતીય હવામાન વિભાગે છેલ્લા 24 કલાકમાં ગુજરાતનાં 50 તાલુકાઓમાં 1 ઇંચ સુધી અને રાજ્યના છ તાલુકાઓમાં એક ઇંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

મહીસાગર જિલ્લામાં મોડી રાત્રે અચાનક ભારે પવન અને વાવાઝોડા સાથે ખાબકેલા વરસાદને કારણે વ્યાપક નુકસાનના અહેવાલો સામે આવ્યા છે. જિલ્લામાં અનેક જગ્યાએ ભારે પવનના કારણે તોતિંગ વૃક્ષો અને વીજ પોલ ધરાશાયી થતાં કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. આ કુદરતી આપત્તિ વચ્ચે મહીસાગર **MGVCL** દ્વારા વીજપુરવઠો કાર્યરત કરવામાં આવ્યો છે.

હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ માટે જાહેર કરાયેલી આગાહી મુજબ વલસાડ જિલ્લામાં રવિવારના રોજ વાતાવરણમાં પલટો આવતા વરસાદી ઝાપટું પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

---------------------------------------------------------------------